



રૂડા
મંદિરિયે મારે આજ
વ્હાલો મારો આવ્યો
ને ગોખે
દીવા થાય રે...!

૨૩ માર્ચ ૨૦૧૬ મંગલ દિન ! ધુળેટીનો પાવન પર્વ અને સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યનો અમૃત સમન્વય ! આ શુભ દિને મંગલ પ્રભાતે સૌ નૂતન મંદિરના હૉલમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિનાં દર્શન કરવા એકત્ર થયા.

પરમ પૂજ્ય શાંતિદાદાના માર્ગદર્શને અને નિશ્રામાં આચાર્યગણ દ્વારા દિવ્ય પ્રતિષ્ઠાવિધિ કરાવાયો. ગર્ભગૃહના દ્વારપટલ ઉઘડ્યા અને નૂતન વાઘામાં નૂતન ઠાકોરજીનાં મનોહર દર્શન સૌને થયાં. સીધા જ પ્રભુ અંતરે સ્થપાઈ ગયા. આનંદનો પાર ન રહ્યો. સંતભગવંત સાહેબજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ પ્રતિમાની, પ.પૂ. મુકુન્દજીવનસ્વામીજી-ગુરુજી અને પૂ. અશ્વિનદાદાએ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદસ્વામીજી અને પૂ. કોઠારી સ્વામીજીએ મહામુક્ત ગોપાળાનંદસ્વામીજીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરી. પ.પૂ. દિનકરભાઈ, પ.પૂ. અધ્યાત્માનંદસ્વામીજી, પ.પૂ. ભરતભાઈ આદિ વડીલ સંતોએ ગુણાતીત સ્વરૂપો અને શ્રી ગણપતિજી દેવ અને શ્રી હનુમાનજી દેવની મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિ કરી.

બ્રહ્મસ્વરૂપ પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી પધાર્યા અને તેઓશ્રીના વરદ્ હસ્તે મૂર્તિઓની પ્રથમ આરતીનાં દિવ્ય દર્શનના લાભ પ્રાપ્ત થયા. ત્યારબાદ પ.પૂ. દિનકરભાઈ, પૂ. શાંતિદાદા અને પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા. સૌ સેવકોની સેવાને બિરદાવી પ્રભુભક્તિથી ભર્યા ભર્યા રહેવા બળ અને પ્રેરણા દીધાં.

નૂતન મંદિરે શ્રી ઠાકોરજી બિરાજ્યા તેના અપાર આનંદની સીમા નહોતી. જે કાર્ય માટે શાસ્ત્રીજીમહારાજ અને યોગીજીમહારાજે ભીડો વેઠ્યો, કષ્ટો સહન કર્યાં તે ઉપાસનાના કાર્યને વહેતું રાખતું આ એક ભગીરથ પાસું એ ગુરુ બેલડી પ્રતિની ભક્તિનો દિવ્ય અનુભવ કરાવતું હતું.




ગુણાતીત સ્વરૂપો સાહેબજી, ગુરુજી તથા કોઠારીસ્વામીજીના વરદ્ હસ્તે અનુક્રમે શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા



પૂ. અશ્વિનભાઈ, પૂ. ભરતભાઈના હસ્તે ગુણાતીત સંતમૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા



શ્રી મુક્તાક્ષરપુરુષોત્તમમહારાજની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા




પૂ. ભરતભાઈ, પૂ. રતિભાઈ, પૂ. પ્રેમસ્વરૂપસ્વામીના હસ્તે સંતમૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા



પૂ. દિનકરભાઈના હસ્તે ભગતજીમહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા




પૂ. હિંમતસ્વામી-પૂ. નિર્મળસ્વામીના હસ્તે ગણપતિજી-
હનુમાનજીદેવની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા



સંતભગવંત સાહેબજી દ્વારા
હનુમાનજીદેવનાં પૂજન





પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી દ્વારા શ્રી ઠાકોરજીનાં પૂજન-અર્ચન



ગુણાતીત સ્વરૂપોના શ્રી ચરણોમાં પૂજન-ભાવાર્પણ



શ્રી ઠાકોરજીને પૂજન-ભાવ અર્પણ



શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમમહારાજને ઘણી ખમ્મા



આરતીક્યં સમર્પયામી



મંદિરના મુખ્ય હૉલમાં પ્રાણપ્રતિષ્ઠાવિધિનાં દર્શનરત સંતો-અક્ષરમુક્તો







**પ.પૂ. દિનકરભાઈ :** આ સંત તો બહુ સારા રે... કલ્યાણના કરનારા રે... સાહેબદાદા એવા સંત છે. યોગીબાપા કહેતા કે, 'મંદિર એ મોક્ષની કૉલેજ છે.' એવાં જંગમ અને સ્થાવર મંદિર સાહેબદાદા બનાવે છે. આ મંદિર મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.



**પૂ. શાંતિભાઈ :** અક્ષરધામમાં જે મહારાજ બિરાજે છે, અહીં મંદિરમાં જે પ્રભુ બિરાજ્યા તે આજે મુખોમુખ મળ્યા છે. તે વાતમાં ફેર પડવા ન દેવો. એવા પ્રગટ સ્વરૂપમાં જીવ જોડી દેવો એ જ ઉપાસના છે. સાહેબજી એ પ્રભુના ધારક એવા ગુણાતીત સંત છે. આજે સંતભગવંત સાહેબજી પ્રાગટ્યદિને મૂર્તિપ્રતિષ્ઠા થઈ તે જીવનભરનું સંભારણું બની ગયું.



**પૂ. અશ્વિનભાઈ :** સહજાનંદ નામની સાથે જે સહજતા અને આનંદ છે તેવી આ પ્રતિષ્ઠિત થયેલી ઉપાસ્ય મૂર્તિ આપણા જીવનમાં પણ સહજ આનંદ ભરી દે તેવી આજની મંગલ પ્રાર્થના !





દિવ્ય પ્રભુસ્વરૂપોનાં મંગલ મિલન... દિવ્ય આનંદની અનુપમ ઘડી



પ.પૂ. દેવીપ્રસાદજીમહારાજનાં હૃદયભાવપૂર્વક સ્વાગત



આદરણીય કેન્દ્રિય મંત્રીશ્રી મોહનભાઈ કુંડારિયાની આશિષયાચના



જનરલ અરવિંદ મહાજનનાં વંદન



અમદાવાદના ભક્તો દ્વારા ૭૫ ચાંદીના સિક્કાનો હાર અર્પણ



ચલણી નોટોથી સુશોભિત સંપદ હિંડોરનાં દિવ્ય દર્શન

શ્રી ઠાકોરજીમહારાજને પ્રથમ અન્નકૂટ અર્પણ

